# Day to Day Current Affairs

**9 Nov 2015**

## ૧. જુનાગઢ આઝાદી દિવસ :

## 2. હિના સિંધુ – શૂટર :

- તાજેતરમાં કુવેતમાં ચાલી રહેલી એશિયન શૂટીંગ ચેમ્પિયનશીપમાં 10 મીટર એર પિસ્તોલની સ્પર્ધામાં ભારતની હિના સિંધુએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- તેમજ જુનિયર વિભાગ 10 મીટર એર પિસ્તોલની સ્પર્ધામાં ભારતની શ્રીનિવેથાએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

## 3. વસીમ જાફર – ક્રિકેટર :

- પૂર્વ ભારતીય ઓપનર વસીમ જાફર રણજી ટ્રોફીમાં 10000 રન બનાવનાર પ્રથમ બેટ્સમેન બની ગયો છે.
- જાફરે આ સિધ્ધિ 126 મેચની 196મી ઇનિંગમાં મેળવી હતી.
- તેણે રણજીમાં 35 સદી અને 41 અર્ધસદી ફટકારી છે.
- જાફરે 1996-97માં પોતાની ફર્સ્ટકલાસ કારકિર્દીની શરૂઆત કરી હતી.
- વર્ષ 2000માં તેને ભારતીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતું.
- ભારત તરફથી તેણે 31 ટેસ્ટમાં પાંચ સદી અને 11 અર્ધસદી સાથે 1944 રન બનાવ્યા છે.
- તે રણજીમાં મુંબઇ તરફથી રમે છે.

## ૪. બિહાર ચૂંટણી પરિણામ :

- બિહાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીનું પરિણામ 8 ઓક્ટોબરના રોજ જાહેર થયું.
- કુલ 243 બેઠક માટે પાંચ તબક્કામાં ચૂંટણી યોજાઇ હતી. જેમા 56.80 ટકા મતદાન થયું હતું.
- ચૂંટણીમાં બહુમત માટે 122 સીટની જરૂર હતી.
- લાલુ, નિતિશ અને કોંગ્રેસના મહાગઠબંધને 178 બેઠક પર વિજય મેળવ્યો હતો.
- જ્યારે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધનને માત્ર 58 બેઠક મળી હતી.
- મહાગઠબંધનમાં લાલુ પ્રસાદ યાદવના રાજદને 80, નિતિશના જદયુને 71 અને કોંગ્રેસને 27 બેઠકો મળી હતી.

## ૫. ભારતમાં સૌપ્રથમ વખત ટ્રાન્સજેન્ડર PSI બનશે :

- ચેન્નાઇમાં રહેતી પૃથિકા યશિની ટુંકમાં જ ભારતની પહેલી ટ્રાન્સજેન્ડર પોલીસ સબ ઇન્સ્પેકટર બનશે.
- પૃથિકાને મદ્રાસ હાઇકોર્ટે આ હોદ્દા માટે ફીટ જાહેર કરી હતી.

Vivekanand Academy, Gandhinagar